Divyabhaskar

EDII

March 14, 2025
Pg.3

EDII દ્વારા ગોવામાં સેટઅપ ઉભુ કરાયું

# ગુજરાતની જેમ ગોવામાં પણ ઉદ્યોગસાહસિકો ઊભા કરાશે



એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અમદાવાદ દ્વારા શરુ કરાયેલા ગોવાના કેન્દ્રએ બુધવારે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છે. ગોવામાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ કેન્દ્ર પણજી ખાતે સ્થાપિત કરવામાં આવ્યું હતું. ઈડીઆઈઆઈઆઈ ગોવા કેન્દ્રના એક વર્ષ પૂર્ણ થવા સાથે સાથે ઈડીસી લમિટેડના 50 વર્ષ પૂર્ણ થયાં છે.

ઈડીઆઈના ડાયરેક્ટર જનરલ સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ‘અમે ગોવાના યુવાનોને તેમજ લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને ઉદ્યોગ સાહસિકતાની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે પ્રતિબદ્ધ છીએ. ઈડીઆઈ ગોવામાં પણ ગુજરાતના ઉદ્યોગસાહસિકો જેવા જ ઉદ્યોગસાહસિકો ઊભા કરશે. આ માટે અમે તમામ પ્રકારનો સહયોગ કરી રહ્યાં છીએ.